GJSR
060005172020

सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ તારીખ | ૩૦/૦૯/૨૦૨૦ |
| રજીસ્ટ્રેશન તારીખ | ૩૦/૦૯/૨૦૨૦ |
| ચુકાદાની તારીખ | ૧૮/૦૭/૨૦૨૬ |
| અવધિ | વર્ષ ૦૫, માસ ૦૯, દિન ૧૮ |

**<u>ફોજદારી કેસ નં. ૪૫૩/૨૦૨૦</u>**

**<u>ચુકાદો આંક–૧૮</u>**

**<u>–:: નમૂના – એ ::–</u>**

**માંડવીના પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ તથા એડીશ્નલ ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. માંડવી, જી.સુરત**

**:: ગુનાની વિગત ::**

| | |
|---|---|
| ગુનાની કલમ | ધી ગુજરાત પ્રોહિબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮, ૮૧ |
| પ્રથમ માહિતી અહેવાલ સંખ્યા | ગુ.રજી.નં.૬૨૫/૨૦૧૯ |
| પોલીસ સ્ટેશન | માંડવી પોલીસ સ્ટેશન, જિ.સુરત |
| ફરિયાદપક્ષ | શ્રી સરકાર |
| ફરિયાદપક્ષ તરફે રજૂઆત | વિ.સ્પે.પી.પી.કે.કે.રોહીત |
| આરોપી | અશોકભાઈ ઉર્ફે અશોક મારવાડી કેસરીમલ માલી |
| બચાવપક્ષ તરફે રજૂઆત | વિ.વકીલશ્રી ડી.કે.ઉપાધ્યાય |

**<u>–:: નમૂના – બી ::–</u>**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૦/૦૯/૨૦૧૯ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૨૦/૦૯/૨૦૧૯ |
| આખરી અહેવાલની તારીખ | ૩૦/૦૯/૨૦૨૦ |

| | |
|---|---|
| તહોમતનામા/પ્લીની તારીખ | ૧૧/૦૧/૨૦૨૧ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૨/૦૨/૨૦૨૧ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૮/૦૭/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૮/૦૭/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | --- |

**:: આરોપીની વિગત ::**

| અનુ | આરોપીનું નામ | અટક કર્યાની તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | નિર્દોષ છોડ્યા / સજા કરી | કરવામાં આવેલ સજા | ફો.કા.સં. ની કલમ – ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અશોક ભાઈ ઉર્ફે અશોક મારવાડી કેસરીમલ માલી | ૨૨/ ૦૧/ ૨૦૨૦ | જામીન મુકત | ધી ગુજરાત પ્રોહિબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮, ૮૧ | નિર્દોષ | – | – |

**–:: નમૂનો – સી ::–**

**:: ફરિયાદપક્ષ, બચાવપક્ષ તથા કોર્ટ તરફે મૌખિક પુરાવા ::**

## (એ) ફરિયાદપક્ષ તરફેના સાહેદોનું લીસ્ટ :–

| સાહેદ નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૦૬ | ચંદ્રદીપ રાજારામ પાટીલ | સાહેદ |

| | | | |
|---|---|---|---|
| ૨ | ૦૭ | ઠાકોરભાઈ નગીવભાઈ તવડીયા | મુદ્દામાલ કબજે કર્યાના પંચ |
| ૩ | ૧૦ | હસમુખભાઈ અમરસિંગભાઈ વસાવા | ફરિયાદી |
| ૪ | ૧૫ | ચિમનભાઈ રૂપલાભાઈ ચૌધરી | સાહેદ |
| ૫ | ૧૬ | મુકેશભાઈ રૂવિચાભાઈ ચૌધરી | સાહેદ |
| ૬ | ૧૭ | જયેશકુમાર સુરેશભાઈ વળવી | તપાસ કરનાર અમલદાર |

**(બી) બચાવપક્ષ તરફેના સાહેદોનું લીસ્ટ :–**

| સાહેદ નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| – | – | – | – |

**(સી) કોર્ટ તરફેના સાહેદોનું લીસ્ટ :–**

| સાહેદ નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| – | – | – | – |

**:: ફરિયાદપક્ષ, બચાવપક્ષ તથા કોર્ટ તરફે દસ્તાવેજી પુરાવા ::**

**(એ) ફરિયાદપક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ :–**

| અનું. નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૧ | મુદ્દામાલ રીકવરી પંચનામું |
| ૨ | ૧૪ | ગુનાની અસલ ફરીયાદ |

**(બી) બચાવપક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ :–**

| અનું. નં. | આંક | વિગત |
|---|---|---|
| – | – | – |

## (સી) કોર્ટ તરફેના દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ :–

| અનું. નં. | આંક | વિગત |
|---|---|---|
| – | – | – |

**Cases are referred to :**

1. State of Gujarat V/s. Bhikhabhai Kalidas Patel. 1985 (2) G.L.R. 745.
2. State of Gujarat V/s. Raijibhai Chaturbhai Solanki. 1960 G.L.R. 77.
3. Bhawan Sinh V/s. State of Rajasthan; reported in A.I.R. 1976 SC 885.

**:: જજમેન્ટ ::**

**ફરીયાદ હકીકતનુ ટુંકમાં વર્ણન:–**

(૧) ફરિયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપી અજય સત્યપ્રસાદ ગીરી નાએ વગર પાસપરમીટે ગેરકાયદેસર રીતે પોતાના કબજાના ટાટા કંપનીના LPT1412 ટેમ્પો નંબર GJ-26-T-6505 માં ચોરખાનુ બનાવી તેમાં ભારતીય બનાવટનો વિદેશીદારૂ વ્હિસ્કી બીયરની કુલ પેટી નંગ–૧૯૮ જેમાં નાની મોટી કુલ્લે બોટલ નંગ–૭૬૮૦ કુલ્લ કિંમત રૂા.૮,૭૮,૪૦૦/– નો પ્રોહી. મુદ્દામાલ ભરી લઈ જતા દરમ્યાન વ્હિસ્કી બીયરની નાની મોટી બોટલ નંગ–૭૬૮૦ કિંમત રૂા.૮,૭૮,૪૦૦/– તથા ટેમ્પોની કિંમત રૂા.૫,૦૦,૦૦૦/– તથા ખાલી કેરેટ નંગ–૪૫ જેની કિંમત રૂા.૯૦૦/– તથા ત્રણ મોબાઈલ ફોન કિંમત રૂા.૨૭૦૦/– મળી કુલ્લે રૂા.૧૩,૮૨,૦૦૦/– ના મુદ્દામાલ સાથે પકડાઈ જઈ વોન્ટેડ આરોપી નં.(૧) રાકેશભાઈ ઉર્ફે અશોકસિંગ જેના પુરા નામ સરનામાની ખબર નથી રહે. સેલવાસા તથા આરોપી નં.(૨) રઈશ અન્સારી જેના પુરાનામની ખબર નથી. રહે. રાકેશભાઈ ની ચાલ સાયલી સેલવાસ તેઓએ પ્રોહી જથ્થો ભરાવી આપી આરોપી અશોકભાઈ ઉર્ફે અશોક મારવાડા કેસરીમલ માલી રહે. કંબોડીયા

મંદિર ફળીયુ તા.નેતંત્રગ જી.ભરૂચ નાએ પ્રોહી. જથ્થો મંગાવી ગુનો કર્યાબાદ નાશી જઈ પાછળથી પકડાઈ જઈ વોન્ટેડ આરોપી નં.(૧) રાકેશભાઈ ઉર્ફે અશોકસિંગ જેના પુરા નામ સરનામાની ખબર નથી રહે. સેલવાસા તથા આરોપી નં.(૨) રઈશ અન્સારી જેના પુરાનામની ખબર નથી. રહે. રાકેશભાઈ ની ચાલ સાયલી સેલવાસનાઓ નહી પકડાઈ તમામ આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ગુનો કરી ધી ગુજરાત ધી ગુજરાત પ્રોહિબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬ (બી), ૯૮, ૮૧ મુજબનો ગુનો આચરેલ હોય ફરિયાદી નાઓની ફરિયાદ આધારે તપાસ કરનાર અધિકારી નાઓએ તપાસના અંતે આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો મળેલ હોય ઉપરોકત ગુના અંગે અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આરોપી સામે ચાર્જશીટ થયા બાદ તેઓને આ કામે હાજર થવાનો સમન્સ કરતાં, આરોપી અદાલત સમક્ષ હાજર થતા તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૭૩ અન્વયે વિના મુલ્યે આપવામાં આવ્યા બાદ આંક–૦૪ થી આરોપી વિરૂદ્ધ પ્રોહિબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબનો ગુના અંગેનું તહોમતનામું ફરમાવી, વાંચી સંભળાવી નિવેદન આંક–૦૫ થી પ્લી લેતા આરોપીએ ગુનાનો સ્પષ્ટ ઈન્કાર કરી કેસ આગળ ચલાવવા જણાવતાં, સબબ કામ ફરિયાદ પક્ષના પુરાવા રજૂ થવા ઉપર મુલતવી રાખેલ.

(૩) ફરિયાદપક્ષ તરફે પુરાવા રજૂ કર્યા બાદ વિ.એપીપીશ્રી નાઓની મૌખિક વિનંતીથી ફરિયાદપક્ષે પુરાવો બંધ થયાનું જાહેર કરતાં આ કામ આરોપીના વધારાના નિવેદન માટે રાખી, આરોપીનું વધારાનું નિવેદન નોંધવાના તબકકે આરોપીએ ગેરહાજર રહેવાનો વિકલ્પ પસંદ કરેલ હોય, જેથી તેઓના વધારાના નિવેદનને રેકર્ડમાં રાખવામાં આવેલ છે, જે નોંધાયેલ નથી. જે બાદ હાલનું કામ આખરી દલીલો ઉપર રાખી ફરીયાદપક્ષ તરફે કરવામાં આવેલ દલીલો સાંભળવામાં આવેલ છે.

(૪) આ કેસની હકીકતો, સંજોગો, રેકર્ડ પર રજૂ કરવામાં આવેલ પુરાવો તથા સંલગ્ન કાયદાની જોગવાઈઓ તેમજ ઉભય પક્ષની રજૂઆતો ધ્યાને લેતાં, આ કેસના ન્યાય–નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

**<u>–:: મુદ્દાઓ ::–</u>**

**( આરોપી સામેનો ચાર્જ )**

(૧) શું ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી અજય સત્યપ્રસાદ ગીરી નાએ વગર પાસપરમીટે ગેરકાયદેસર રીતે પોતાના કબજાના ટાટા કંપનીના LPT1412 ટેમ્પો નંબર GJ-26-T-6505 માં ચોરખાનુ બનાવી તેમાં ભારતીય બનાવટનો વિદેશીદારૂ વ્હિસ્કી બીયરની કુલ પેટી નંગ–૧૯૮ જેમાં નાની મોટી કુલ્લે બોટલ નંગ–૭૬૮૦ કુલ્લ કિંમત રૂા.૮,૭૮,૪૦૦/– નો પ્રોહી. મુદ્દામાલ ભરી લઈ જતા દરમ્યાન વ્હિસ્કી બીયરની નાની મોટી બોટલ નંગ–૭૬૮૦ કિંમત રૂા.૮,૭૮,૪૦૦/– તથા ટેમ્પોની કિંમત રૂા.૫,૦૦,૦૦૦/– તથા ખાલી કેરેટ નંગ–૪૫ જેની કિંમત રૂા.૯૦૦/– તથા ત્રણ મોબાઈલ ફોન કિંમત રૂા.૨૭૦૦/– મળી કુલ્લે રૂા.૧૩,૮૨,૦૦૦/– ના મુદ્દામાલ સાથે પકડાઈ જઈ વોન્ટેડ આરોપી નં.(૧) રાકેશભાઈ ઉર્ફે અશોકસિંગ જેના પુરા નામ સરનામાની ખબર નથી રહે. સેલવાસા તથા આરોપી નં.(૨) રઈશ અન્સારી જેના પુરાનામની ખબર નથી. રહે. રાકેશભાઈ ની ચાલ સાયલી સેલવાસ તેઓએ પ્રોહી જથ્થો ભરાવી આપી આરોપી અશોકભાઈ ઉર્ફે અશોક મારવાડા કેસરીમલ માલી રહે. કંબોડીયા મંદિર ફળીયુ તા.નેતંત્રગ જી.ભરૂચ નાએ પ્રોહી. જથ્થો મંગાવી ગુનો કર્યાબાદ નાશી જઈ પાછળથી પકડાઈ જઈ વોન્ટેડ આરોપી નં.(૧) રાકેશભાઈ ઉર્ફે અશોકસિંગ જેના પુરા નામ સરનામાની ખબર નથી રહે. સેલવાસા તથા આરોપી નં.(૨) રઈશ અન્સારી જેના

પુરાનામની ખબર નથી. રહે. રાકેશભાઈ ની ચાલ સાયલી સેલવાસનાઓ નહી પકડાઈ તમામ આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ગુનો કરી ધી ગુજરાત ધી ગુજરાત પ્રોહિબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬ (બી), ૯૮, ૮૧ મુજબનો ગુનો આચરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૫)** ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

## –: કારણો :–

**(૬)** **મુદ્દાનં. ૧ :–**

ફરિયાદપક્ષે મુદ્દા નં.(૧) ની હકિકત પુરવાર કરવા માટે નીચે મુજબના સાહેદોને તપાસવામાં આવેલા છે.

**(૬.૧)** ફરિયાદપક્ષે આંક–૦૬ થી સાહેદ ચંદ્રદિપ રાજારામ પાટીલનાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, હું સાડા ત્રણ વર્ષથી માંડવી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવુ છું. તા.૨૦/૦૯/૨૦૧૯ ના રોજ હું તથા પોલીસ સ્ટાફના બીજા માણસો માંડવી પોલીસ સ્ટેશન ખાતે હાજર હતાં. તે દરમ્યાન માંડવી પોલીસ સ્ટેશનના પો.સ.ઈ જે.એસ.વળવી સાહેબ નાઓએ અમોને ચેમ્બરમાં બોલાવી બાતમી હકિકતથી વાકેફ કરેલ કે, સાથેના પો.કો. હસમુખભાઈ અમરસીંગ નાઓને બાતમી મળેલ છે કે, એક કથ્થઈ કલરનો ટેમ્પો નં.જી.જે./૨૬/ટી/૬૫૦૫ માં શાકભાજીના કેરેટની આડાશમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરીને માંડવી તરફથી માલ્ધા થઈ ઉમરપાડા જવાના છે, જે બાતમી હકિકતના આધારે અમો તથા પોલીસ

માણસો ખાનગી વાહનમાં બેસી માંડવી થી માલ્ધા ફાટા ઉમરપાડા રોડ ઉપર વોચમાં ગયેલ, ત્યાં આગળ વોચમાં ઉભા હોય તે દરમિયાન ઉપરોકત બાતમીવાળો ટેમ્પો માંડવી તરફથી આવતાં તે ટેમ્પાને ઉભો રાખી તેમાં પાછળના ભાગે તપાસ કરતાં એક ચોર ખાનુ બનાવેલ, જે ચોર ખાનામાં જોતાં ભારતીય બનાવટના દારૂના બોક્સ ભરેલ હોય સદર દારૂ રાખવા બાબતે ટેમ્પા ડ્રાઈવર પાસે પાસ પરમીટ માંગતા તે નહી હોવાનું જણાવતાં સાથેના પંચો રૂબરૂ તેના નામઠામની ખાત્રી કરતાં તેને પોતાનું નામ અજયભાઈ રવિપ્રસાધ જણાવેલ તેમજ સદર દારૂના બોક્સ ગણી જોતાં કુલ ૧૯૮ બોકસ બાટલી નંગ ૭૬૮૦ હોય જેની કિંમત રૂા.૮,૭૮,૪૦૦/– ગણી તમામ મુદ્દામાલ કબજે કરેલ હતો અને સાથેના પો.કો. હસમુખભાઈ અમરસિંગ નાઓએ તેના વિરૂદ્ધ માંડવી પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ આપેલ હતી.

સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, બાતમી અંગે મને જાતમાહિતી નથી. એ વાત ખરી નથી કે, અમો પંચોને સાથે લઇને ગયેલ ન હતાં. એ વાત ખરી નથી કે, બનાવના દિવસે એક થી વધારે રેડ કરેલ હતી. એ વાત ખરી છે કે, રેડમાં નીકળતાં અગાઉ કોઇ પ્રાથમીક પંચનામું કરેલ નહિં. એ વાત ખરી છે કે, માલ્ધા ઉમરપાડા રોડ ઉપર કાયમ વાહનોની અવરજવર રહે છે. એ વાત ખરી છે કે, બનાવ સ્થળની આસપાસ દુકાનો આવેલ છે. એ વાત ખરી છે કે, આરોપી અશોકભાઇ સ્થળ ઉપરથી મળી આવેલ નહિં કે તેમના પ્રત્યક્ષ કબજામાંથી મુદ્દામાલ પકડાયેલ નહિં. એ વાત ખરી નથી કે, બીનવારસી મુદ્દામાલ આધારે ખોટી ફરીયાદ આપેલ હતી. એ વાત ખરી નથી કે, આરોપીને ખોટી રીતે સંડોવી દીધેલ છે. એ વાત ખરી નથી કે, ફરીયાદી અમારા સ્ટાફના હોય ફરીયાદને સમર્થન કરવા ખોટી જુબાની આપેલ છે.

**(૬.૨)** ફરિયાદપક્ષે આંક–૦૭ થી પંચસાહેદ ઠાકોરભાઈ નગીનભાઈ તવડીયા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, પોલીસે મને પંચ તરીકે માંડવી પોલીસ સ્ટેશનમાં બોલાવેલ અને ત્યાં મારી એક લખેલ પંચનામામાં સહી કરાવેલ હતી. મારે પોલીસ સાથે કોઈ જગ્યાએ જવાનું થયેલ નથી. મને પંચનામું બતાવવામાં આવે છે તેમાં પંચ તરીકે મારી છે. જે આંક–૦૮ થી રજૂ છે. સદરહુ સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતાં ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં ફરિયાદપક્ષના કેસને મદદરૂપ કોઈ હકિકત રેકર્ડ પર આવેલ નથી.

**(૬.૩)** ફરિયાદપક્ષે આંક–૧૦ થી ફરિયાદી હસમુખભાઈ અમરસિંગભાઈ વસાવા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, હું છેલ્લા છ વર્ષથી માંડવી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવુ છું. તા.૨૦/૦૯/૨૦૧૯ ના રોજ અમોને બાતમી મળેલ કે, એક કથ્થઈ કલરનો ટેમ્પો નં.જી.જે./૨૬/ટી/૬૫૦૫ માં શાકભાજીના કેરેટની આડાશમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરીને માંડવી તરફથી માલ્ધા થઈ ઉમરપાડા જવાના છે, જે બાતમી હકિકતના આધારે પોલીસ સ્ટાફના માણસો તથા પંચોને વાકેફ કરી અમો તથા પોલીસ માણસો ખાનગી વાહનમાં બેસી માંડવી થી માલ્ધા ફાટા ઉમરપાડા રોડ ઉપર વોચમાં ગયેલ, ત્યાં આગળ વોચમાં ઉભા હોય તે દરમ્યાન ઉપરોકત બાતમીવાળો ટેમ્પો માંડવી તરફથી આવતાં તે ટેમ્પાને ઉભો રાખી તેમાં પાછળના ભાગે તપાસ કરતાં એક ચોર ખાનુ બનાવેલ, જે ચોર ખાનામાં જોતાં ભારતીય બનાવટના દારૂના બોક્સ ભરેલ હોય સદર દારૂ રાખવા બાબતે ટેમ્પા ડ્રાઈવર પાસે પાસ પરમીટ માંગતા તે નહી હોવાનું જણાવતા સાથેના પંચો રૂબરૂ તેના નામઠામની ખાત્રી કરતાં તેને પોતાનું નામ અજયભાઈ રવિપ્રસાદ જણાવેલ તેમજ સદર દારૂના બોકસ ગણી જોતાં કુલ ૧૯૮ બોકસ બાટલી નંગ ૭૬૮૦ હોય જેની કીંમત રૂા.૮,૭૮,૪૦૦/– ગણી તમામ મુદ્દામાલ કબજે કરેલ હતા. પકડાયેલ

આરોપી વિરૂદ્ધ કાયદેસર થવા અમોએ ફરિયાદ આપેલ હતી. અસલ ફરિયાદમાં ફરીયાદી તરીકે મારી સહી છે. જે આંક–૧૧ થી રજૂ છે. આરોપીને કોર્ટની રૂબરૂ ઓળખી બતાવેલ છે.

સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, આરોપી અશોક કેશરમલ માલી સ્થળ ઉપરથી મળી આવેલ નહિં. એ વાત ખરી છે કે, તેઓના કબજામાંથી કોઇ મુદ્દામાલ મળી આવેલ નથી. એ વાત ખરી નથી કે, બીનવારસી મુદ્દામાલ મળી આવેલ હતો. એ વાત ખરી નથી કે, કામગીરી બતાવવા સારૂ ખોટી ફરીયાદ આપેલ છે.

(૬.૪) ફરિયાદપક્ષે આંક–૧૫ થી સાહેદ ચિમનભાઈ રૂપલાભાઈ ચૌધરી નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, હમો હાલ માંડવી પોલીસ સ્ટેશનમા છેલ્લા સાડા ત્રણ વર્ષથી એ.એસ.આઇ. તરીકે ફરજ બજાવીએ છીએ. આ અગાઉ પણ અઢી વર્ષ માંડવી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવેલ હતી. તે દરમ્યાન તા.૨૦/૦૯/૨૦૧૯ નારોજ અમો માંડવી પોલીસ સ્ટેશન ખાતે હાજર હતા તે વખતે પો.સ.ઈ. શ્રી માંડવીનાઓએ બોલાવી તથા અ.હે.કો. ચંન્દ્રદીપ રાજારામ તેમજ પો.કો. મુકેશભાઈ રૂવિયાભાઈ તથા પો.કો. સેમ્યુલભાઈ કાળીદાસ ડ્રાઈવર પો.કો. મુકેશભાઈ પ્રહલાદભાઈ તથા પો.કો. નરેશભાઈ હીરાભાઈ તથા તેમજ બે પંચોના માણસોને બોલાવી વાકેખ કરાવેલ કે પો.કો.હસમુખભાઈ અમરસિંહભાઇનાઓને ખાનગી રાહે બાતમી મળેલ છે કે એક ટાટા ટેમ્પો કથ્થઇ કલરનો જી.જે.૨૬.ડી.૬૫૦૫ નો ચાલક વિદેશી દારૂ ભરી માલ્ધા ફાટાથી ઉમરપાડા તરફ જનાર છે કે બાતમી થી વાકેફ કરી આપ સાહેદ તથા બીજા સ્ટાફના પોલીસ માણસો તેમજ પંચોના માણસો સાથે ખાનગી વાહનમાં બેસી માલ્ચા ગામની સીમમાં માધા ઉમરપાડા રોડ ઉપર ખાનગી વાહન સાથે કોઈની નજરમાં ન દેખાઈ તે રીતે ખાનગી વાહન ઉભું કરી વાહનમાં બેઠેલ હતા

તે દરમ્યાન બાતમી વાળી ટૂંક આવતા વાહનને ખાનગી વાહન દ્વારા આડાશ કરી ઉભું કરી દેતા વાહવ નજીક જઈ ડ્રાઈવરની સીટ ઉપર એક ઈસમ બેઠેલ હોય જેને નીચે ઉતારતા અને ગાડી રોડની ખુલ્લી જગ્યામાં લઈ જતા પંચો રૂબરૂ ડ્રાઈવરનું નામઠામ પુછતા પોતાનું નામ અજય સત્યપ્રસાદગીરી રહે. વડોદરા મુળ રહે.ઉત્તરપ્રદેશ નું હોવાનુ જણાવેલ ડ્રાઈવરને બાતમી બાબતે વાકેફ કરતાં ટેમ્પાની પાછલા બોડીને ભાગે કાળા કલરની તાડપટરી બાંધેલ હોય જે તાડપટરી ખોલતા ટેમ્પાની અંદર ચોર ખાનું બનાવેલ હોય જેમાં ઈંગ્લીશ દારૂના બોકસો હોય જેમાં ૧૯૮ બીયરની પેટીઓ તેમજ ૭૬૯૮ નંગ નાની મોટી બોટલો મળી આવેલ જેની કુલ્લે કિંમત રૂા.૮,૭૮,૪૦૦ નું મુદ્દામાલ તપાસ અર્થે કબજે કરેલ. સાથેના પો.કો. હસમુખભાઈ અમરસિંગભાઈનાઓએ સરકાર તર્ફે ફરિયાદ આપેલ તપાસ કરનાર અમલદારે અમારો જવાબ લીધેલો.

સદર કામે આરોપી હાજર રહેતા ન હોય તેઓ સામેની કાર્યવાહી સી.આર.પી.સી.ની કલમ ૨૯૯ અન્વયે ચાલી આવેલ હોય, તેઓનો સદર સાહેદની ઉલટતપાસ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

**(૬.૫)** ફરિયાદપક્ષે આંક–૧૬ થી સાહેદ મુકેશભાઈ રૂવિયાભાઈ ચૌધરીનાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, હમો હાલ માંડવી પોલીસ સ્ટેશનમા છેલ્લા ત્રણ વર્ષથી એ.હે.કો તરીકે ફરજ બજાવીએ છીએ. આ અગાઉ પણ પાંચ વર્ષ માંડવી પોલીસ સ્ટેશનમા ફરજ બજાવેલ હતી. તે દરમ્યાન તા. ૨૦–૦૯–૨૦૧૯ નારોજ અમો માંડવી પોલીસ સ્ટેશન ખાતે હાજર હતા તે વખતે પો.સ.ઈ. શ્રી માંડવીનાઓએ બોલાવી તથા અ.હે.કો. ચંન્દ્રદીપ રાજારામ તેમજ પો.કો. ચીમનભાઈ રૂપલાભાઈ તથા પો.કો. સેમ્યુલભાઈ કાળીદાસ ડ્રાઈવર પો.કો. મુકેશભાઈ પ્રહલાદભાઈ તથા પો.કો. નરેશભાઈ હીરાભાઈ તથા તેમજ બે પંચોના માણસોને બોલાવી વાકેખ કરાવેલ કે પો.કો.હસમુખભાઈ અમરસિંહભાઈનાઓને ખાનગી રાહે બાતમી મળેલ છે કે એક ટાટા ટેમ્પો કથ્થઈ કલરનો જી.જે.૨૬.ડી.૬૫૦૫ નો ચાલક વિદેશી દારૂ ભરી માલ્ધા

ફાટાથી ઉમરપાડા તરફ જનાર છે કે બાતમી થી વાકેફ કરી આપ સાહેદ તથા બીજા સ્ટાફના પોલીસ માણસો તેમજ પંચોના માણસો સાથે ખાનગી વાહનમાં બેસી માલ્યા ગામની સીમમાં માલ્લા ઉમરપાડા રોડ ઉપર ખાનગી વાહન સાથે કોઈની નજરમાં ન દેખાઈ તે રીતે ખાનગી વાહન ઉભું કરી વાહનમાં બેઠેલ હતા તે દરમ્યાન બાતમી વાળી ટૂંક આવતા વાહનને ખાનગી વાહન દ્વારા આડાશ કરી ઉભું કરી દેતા વાહવ નજીક જઈ ડ્રાઈવરની સીટ ઉપર એક ઈસમ બેઠેલ હોય જેને નીચે ઉતારતા અને ગાડી રોડની ખુલ્લી જગ્યામાં લઇ જતા પંચો રૂબરૂ ડ્રાઈવરનું નામઠામ પુછતા પોતાનું નામ અજય સત્યપ્રસાદગીરી રહે. વડોદરા મુળ રહે.ઉત્તરપ્રદેશ નું હોવાનુ જણાવેલ ડ્રાઈવરને બાતમી બાબતે વાકેફ કરતાં ટેમ્પાની પાછલા બોડીને ભાગે કાળા કલરની તાડપટરી બાંધેલ હોય જે તાડપટરી ખોલતા ટેમ્પાની અંદર ચોર ખાનું બનાવેલ હોય જેમાં ઈગ્લીશ દારૂના બોકસો હોય જેમાં ૧૯૮ બીયરની પેટીઓ તેમજ ૭૬૯૮ નંગ નાની મોટી બોટલો મળી આવેલ જેની કુલ્લે કિંમત રૂા.૮,૭૮,૪૦૦ નું મુદ્દામાલ તપાસ અર્થે કબજે કરેલ. સાથેના પો.કો. હસમુખભાઈ અમરસિંગભાઈનાઓએ સરકાર તર્ફે ફરિયાદ આપેલ તપાસ કરનાર અમલદારે અમારો જવાબ લીધેલો.

સદર કામે આરોપી હાજર રહેતા ન હોય તેઓ સામેની કાર્યવાહી સી.આર.પી.સી.ની કલમ ૨૯૯ અન્વયે ચાલી આવેલ હોય, તેઓનો સદર સાહેદની ઉલટતપાસ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૬.૬) ફરિયાદપક્ષે આંક-૧૭ થી તપાસ કરનાર અમલદાર જયેશકુમાર સુરેશભાઈ વળવીનાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, હું હાલ લુણાવાડા, જી.મહીસાગર મુકામે પો.ઈ. તરીકે ફરજ બજાવું છુ. આ અગાઉ માંડવી પોલીસ સ્ટેશનમા બે વર્ષ ફરજ બજાવેલ હતી તે દરમ્યાન તા. ૨૦/૦૯/૨૦૧૯ નારોજ અમો માંડવી પોલીસ સ્ટેશન ખાતે હાજર હતા તે વખતે અમો તથા અ.હે.કો. ચંન્દ્રદીપ રાજારામ તેમજ પો.કો. ચીમનભાઈ રૂપલાભાઈ તથા પો.કો. સેમ્યુલભાઈ કાળીદાસ ડ્રાઈવર પો.કો.

મુકેશભાઈ પ્રહલાદભાઈ તથા પો.કો. નરેશભાઈ હીરાભાઈ તથા તેમજ બે પંચોના માણસોને બોલાવી વાકેફ કરાવેલ કે પો.કો.હસમુખભાઇ અમરસિંહભાઇનાઓને ખાનગી રાહે બાતમી મળેલ છે કે એક ટાટા ટેમ્પો કથ્થઇ કલરનો જી.જે.૨૬.ડી.૬૫૦૫ નો ચાલક વિદેશી દારૂ ભરી માલ્ધા ફાટાથી ઉમરપાડા તરફ જનાર છે કે બાતમી થી વાકેફ કરી આપ સાહેદ તથા બીજા સ્ટાફના પોલીસ માણસો તેમજ પંચોના માણસો સાથે ખાનગી વાહનમાં બેસી માલ્ધા ગામની સીમમાં માલ્ધા ઉમરપાડા રોડ ઉપર ખાનગી વાહન સાથે કોઈની નજરમાં ન દેખાઈ તે રીતે ખાનગી વાહન ઉભું કરી વાહનમાં બેઠેલ હતા તે દરમ્યાન બાતમી વાળી ટ્રક આવતા વાહનને ખાનગી વાહન દ્વારા આડાશ કરી ઉભું કરી દેતા વાહન નજીક જઇ ડ્રાઇવરની સીટ ઉપર એક ઇસમ બેઠેલ હોય જેને નીચે ઉતારતા અને ગાડી રોડની ખુલ્લી જગ્યામાં લઇ જતા પંચો રૂબરૂ ડ્રાઇવરનું નામઠામ પુછતા પોતાનું નામ અજય સત્યપ્રસાદગીરી રહે. વડોદરા મુળ રહે.ઉત્તરપ્રદેશ નું હોવાનુ જણાવેલ ડ્રાઇવરને બાતમી બાબતે વાકેફ કરતાં ટેમ્પાની પાછલા બોડીના ભાગે કાળા કલરની તાડપટરી બાંધેલ હોય જે તાડપટરી ખોલતા ટેમ્પાની અંદર ચોર ખાનું બનાવેલ હોય જેમાં ઇગ્લીંસ દારુના બોક્સો હોય જેમાં ૧૯૮ બીયરની પેટીઓ તેમજ ૭૬૯૮ નંગ નાની મોટી બોટલો મળી આવેલ જેની કુલે કિ.રૂ. ૮,૭૮,૪૦૦ નું મુદામાલ તપાસ અર્થે કબજે કરેલ.સાથેના પો.કો. હસમુખભાઇ અમરસિંગભાઇનાઓએ સરકાર તર્ફે ફરીયાદ આપેલ. ત્યારબાદ પી.એસ.ઓ. ફરીયાદ નોંધી આગળની તપાસ અમોને સોંપતા અમોએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. આરોપી અજય સત્યપ્રસાદ ગીરી તથા અશોક ઉર્ફે કેશરીમલ માળી (મારવાડી) નુ શરીર સ્થિતિનુ પંચનામુ પંચોની હાજરીમા કરી આરોપીને અટક કરી નામદાર કોર્ટમા રજુ કરેલ અને તપાસ માટે રીમાન્ડ મેળવવા માટેની કાર્યવાહી કરેલી. હાલના આરોપી રીયાઝ નુરખાન આલા મુલતાનીનાઓને વોન્ટેડ જાહેર કરેલ. આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા પડતા હોય ચાર્જશીટ તૈયાર કરી નામદાર કોર્ટમા રજુ કરેલ.આ કામના આરોપીઓને હું ઓળખુ છુ.

સદર કામે આરોપી હાજર રહેતા ન હોય તેઓ સામેની કાર્યવાહી સી.આર.પી.સી.ની કલમ ૨૯૯ અન્વયે ચાલી આવેલ હોય, તેઓનો સદર સાહેદની ઉલટતપાસ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

આમ, ઉપરોકત જણાવ્યા અનુસારના પુરાવો ફરિયાદપક્ષે રજૂ કરેલ છે.

**<u>પુરાવાનું મૂલ્યાંકન :–</u>**

(૭) ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહે છે. ફરીયાદપક્ષે પોતાની હકિકતો શંકાથી પર રહી સાબીત કરવાની હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભવીતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકિકત ફોજદારી કાર્યવાહીમાં હોતી નથી. ફોજદારી કાર્યવાહીના તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી. ફરિયાદપક્ષે માત્ર સંભવીતતા જ દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી પરનું તહોમત નિઃશંકપણે વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાનું રહે છે. અત્રે એ હકિકત નોંધવી જરૂરી જણાય આવે છે કે, સબબ કામે ફરીયાદપક્ષના ચાર સાહેદોને તપાસ્યા બાદ આરોપી અત્રેની અદાલતમાં હાજર રહેલ ન હોય, સી.આર.પી.સી.ની કલમ ૨૯૯ અન્વયે અન્ય સાહેદોનો પુરાવો તેઓની ગેરહાજરીમાં નોંધવામાં આવેલ છે.

(૮) સદરહુ કામે આરોપીની સીધી સંડોવણી પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષ પર રહેલ છે. ફરિયાદપક્ષની હકિકત મુજબ આરોપી વિરૂધ્ધ પ્રોહિ.એકટ અન્વયેનો ગુનો આચર્યાનો આક્ષેપ છે. તે સંજોગોમાં મુદ્દામાલ કબજે કરવા સંબંધી કરવામાં આવેલ પંચનામાના કથનો સાબીત કરવા તથા રીકવરી સાબીત કરવા પંચો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરે તે ખૂબ જરૂરી બની રહે છે. સદરહુ કામની એફ.આઇ.આર.ની હકિકત ધ્યાને લેતાં, આ કામના ફરિયાદી તથા અન્ય પોલીસ સ્ટાફના માણસો તથા બે પંચો સાથે

પ્રોહી અંગેની રેડમાં નિકળેલ, તે દરમિયાન પંચો રૂબરૂ પ્રોહી. મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામુ કરેલ હોવાનું જણાવવામાં આવેલ છે. ઉપરોકત એફ.આઇ.આર.માં જણાવેલ હકિકત ધ્યાને લેતાં, ફરીયાદપક્ષ ધ્વારા જે કામગીરી કરવામાં આવેલ તે પંચોની હાજરીમાં કરવામાં આવેલાનું ફલીત થાય છે. પરંતુ પંચોની જુબાની ધ્યાને લેતાં, પોલીસે તેમની તૈયાર પંચનામામાં સહિ કરાવેલ હોવાની તથા તેઓને કોઈ રેઈડમાં લઈ ગયેલ હોય અને ત્યાં કોઈ પ્રતિબંધીત મુદ્દામાલ કબજે કરેલ હોવાનું બનેલ નહિ હોવાનું જણાવી પંચોએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી. આમ, પંચો પંચનામામાં સહિ કર્યા સીવાયની કોઈ હકિકતને સમર્થન કરેલ નથી તથા એ.પી.પી.શ્રી ધ્વારા પંચનામાના અનુસંધાને પુછવામાં આવેલ લીડીંગ પ્રશ્નોના જવાબ પણ નકારમાં આપેલ છે. આમ, મુદ્દામાલ કબજે કર્યા અંગેના પંચ સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતાં ન હોય, આંક-૦૮ થી રજુ થયેલ મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામું પંચોના પુરાવાથી પુરવાર થયેલ નથી.

(૯) હાલના કામે ફરિયાદપક્ષ તરફે જે પુરાવા રેકર્ડ પર આવેલ છે તેને ધ્યાને લેતા, આંક-૧૦ થી ફરિયાદી હસમુખભાઈ અમરસિંગભાઈ વસાવાનાઓએ તેઓની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૨૦/૦૯/૨૦૧૯ ના રોજ બાતમી આધારે અમો તથા અન્ય પોલીસ સ્ટાફ તથા પંચોને વાકેફ કરી બાતમી વાળી જગ્યાએ વોચમાં ગયેલ, ત્યાં આગળ વોચમાં ઉભા હોય તે દરમ્યાન ઉપરોકત બાતમીવાળો ટેમ્પો માંડવી તરફથી આવતાં તે ટેમ્પાને ઉભો રાખી તેમાં પાછળના ભાગે તપાસ કરતાં ચોર ખાનુ બનાવેલ, જે ચોર ખાનામાં જોતાં ભારતીય બનાવટનો વિદેશીદારૂ ૭૬૮૦ બોટલ, જેની કિંમત રૂા.૮,૭૮,૪૦૦/- નો મુદ્દામાલ આરોપી પાસેથી મળી આવેલ. વધુમાં, ફરિયાદપક્ષે આંક-૦૬ થી તપાસેલ સાહેદ નામે ચંદ્રદીપ રાજારામ પાટીલ, આંક-૧૦ થી તપાસેલ ફરીયાદી નામે હસમુખભાઇ અમરસિંગભાઇ વસાવાનાઓ ધ્વારા તપાસ કરનાર અમલદાર રૂબરૂના નિવેદનને સરતપાસમાં વિગતે જણાવેલ છે. સદર ફરિયાદી તથા સાહેદોની બચાવપક્ષ તરફે કરવામાં

આવેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, આરોપીની સ્થળ ઉપરથી અટક કરેલ નથી તથા આરોપી પાસેથી કોઈ પ્રોહી. મુદ્દામાલ મળી આવેલ નથી. આમ, ઉપરોકત હકિકતોને ધ્યાને લેતાં, આરોપીની સ્થળ ઉપરથી અટક કરવામાં આવેલ ન હોય તથા તેઓ પાસેથી કોઇ પ્રોહી. મુદ્દામાલ મળી આવેલ નહિં હોવાનું જણાવવામાં આવેલ હોય, તે સંજોગોમાં ફરીયાદી ખુદ તેની ફરીયાદની હકિકતને સમર્થન કરતાં નહિં હોવાનું સ્પષ્ટપણે પુરવાર થાય છે તથા સાહેદ નામે ચંદ્રદિપ રાજારામનાઓ પણ ફરીયાદની હકિકતને સમર્થન કરેલ નથી. વધુમાં, ફરીયાદની હકિકતને પંચોનું સમર્થન પ્રાપ્ત થતું ન હોય, તે સંજોગોમાં આરોપીની હાલના કામે સંડોવણી અંગેની કડી પ્રસ્થાપીત થતી નથી. ફરીયાદ પક્ષે આંક–૧૫ થી સાહેદ ચિમનભાઈ રૂપલાભાઈ ચૌધરી તથા આંક–૧૬ થી સાહેદ મુકેશભાઈ રૂવિયાભાઈ ચૌધરીનાઓને તપાસવામાં આવેલ છે. પરંતુ ફરીયાદપક્ષે જયારે પંચો, ફરીયાદી અને સાહેદ નામે ચંદ્રદિપ રાજારામની જુબાનીથી આરોપીને ગુનામાં સાંકળતી કડી પ્રસ્થાપીત થતી ન હોય તે સંજોગોમાં આંક–૧૫ તથા આંક–૧૬ ના સાહેદોની આરોપીએ ઉલટતપાસ કરેલ ન હોય તે કારણે આરોપીને તે નુકશાનકર્તા બની શકતું નથી.

(૧૦) સદર કેસમાં ફરિયાદની હકિકતને નજર સમક્ષ રાખી ફરિયાદપક્ષે રજૂ કરેલ પુરાવાનું મુલ્યાંકન કરી આરોપીઓની ગુનાના કામે સંડોવણી અંગે ચર્ચા કરવામાં આવે તો, હાલના કામે રેઈડની સમગ્ર કાર્યવાહીમાં સામેલ સાહેદો તે પોલીસ સાહેદ છે અને તેઓ અવારનવાર પ્રોહી. અંગેની રેઈડની કામગીરી કરતાં હોય છે. અને તેઓની હાજરીમાં સમગ્ર કાર્યવાહી થયેલ હોય તેઓ સ્વાભાવીક પણે ફરિયાદપક્ષે સમર્થન કરતી હકિકત જણાવે તેમ બની શકે અને તે કારણે તેઓના પુરાવાના અન્ય સાહેદોના પુરાવાથી સમર્થન મળવું જરૂરી બની રહે છે. ફરિયાદપક્ષે આંક–૨૨ થી તપાસ કરનાર અમલદાર જયેશકુમાર સુરેશભાઈ વળવી નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ દ્વારા સદર ગુનાની તપાસ સંભાળી લીધેલ અને સાહેદોના નિવેદનો નોંધેલ આરોપી

વિરૂધ્ધ પુરતા પુરાવા પડતા હોય ચાર્જશીટ કરેલાનું જણાવેલ છે. જે હકીકતે ફરિયાદી તથા સાહેદો રેડ દરમિયાન હાજર હતા અને પકડાયેલ વાહનમાંથી પ્રોહી. મુદ્દામાલ મળી આવેલ છે, પરંતુ હાલના કામના આરોપીને પ્રોહી. મુદ્દામાલ સાથે અટક કરેલ હોય તેમ બનેલ નહિં હોવાનું ખુદ ફરીયાદી તથા પોલીસ સાહેદે તેઓની ઉલટતપાસમાં સ્વીકારેલ છે. તપાસ કરનાર અમલદાર દ્વારા વાહનની તપાસના અંતે હાલના કામના આરોપીને અટક કરવામાં આવેલ છે, પરંતુ આ કામે સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધવામાં આવેલ નથી તથા હાલના આરોપી જ ગુનાના કામે સંડોવાયેલ હોય તેમ જણાઈ આવતું નથી. આમ, હાલના આરોપીને પ્રતિબંધીત ભારતીય બનાવટના વિદેશી દારૂ પ્રોહી. મુદ્દામાલ સાથે અટક કરેલ હોય તેવી હકીકત રેકર્ડ પર પુરવાર થયેલ નથી. વધુમાં પ્રોહી. મુદ્દામાલ સંબંધે કરવામાં આવેલ પંચનામાના પંચ સાહેદો પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી. ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદો પોલીસ સાહેદો છે, જેઓના પુરાવાને સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન મળવુ આવશ્યક છે, પરંતુ ફરિયાદપક્ષે તેવા કોઈ સ્વતંત્ર સાહેદોને હાલના કામે તપાસવામાં આવેલ નથી. વધુમાં હાલના કામના તપાસ કરનાર અમલદાર દ્વારા ગુનાના કામે મળી આવેલ ભારતીય બનાવટનો વિદેશી દારૂ પ્રોહી. મુદ્દામાલનો એફ.એસ.એલ. રીપોર્ટને ચાર્જશીટ સાથે રજૂ રાખેલ નથી તથા મળી આવેલ પ્રોહી. મુદ્દામાલ કંપનીનું અસ્તિત્વ અંગે તપાસ કરેલ નથી. તે સંજોગોમાં ફરીયાદી તથા સાહેદો રેઈડ સમયે બનાવ સ્થળે હાજર હોય તેઓ રસ ધરાવનાર સાહેદ છે. ફરીયાદપક્ષના કેસને પંચોએ સમર્થન કરેલ ન હોય, ફરિયાદ મુજબનો મુદ્દામાલ ભારતીય બનાવટનો વિદેશી દારૂ આરોપીના કબજામાંથી મળી આવેલાની હકિકત સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સાબીત થતી નથી.

(૧૧) વધુમાં, હાલના કામે પકડાયેલ મુદ્દામાલ વિદેશીદારૂ સંબંધી બોટલ જે બ્રાંન્ડની છે તના માલીકનું કોઈ નિવેદન રજુ કરવામાં આવેલ નથી કે તેવા કોઈ માલીકને હાલના કામે સાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી. જેથી

પ્રોહિ. એકટની કલમ ૧૧૬(બી) મુજબ પકડાયેલ મુદ્દામાલ ફરીયાદમાં જણાવેલ બોટલો ઉપર અસલ લેબલ લગાડેલ હતું તે હકિકત ફરીયાદપક્ષે સાબીત થયેલ નથી.

**આ તબકકે પ્રોહિબીશન એકટની કલમ ૧૧૬ (બી) ની જોગવાઈ ક્યાને લેવામાં આવે તો,**

કલમ ૧૧૬ (બી) : દારૂની જાણીતી જાત માટે પૃથ્થકરણની જરૂરીયાત નથી. : આ અધિનિયમ નીચે ગેરકાયદે દારૂના કબજાના કે તેની કાર્યવાહી દરમ્યાન એવું પુરવાર થાય કે, આરોપીઓના કબજામાં જાણીતી જાતના સ્પીરીટ દારૂનું નામ દર્શાવતું લેબલ ધરાવતી બંધ કરેલ શીશી તેના ઉત્પાદકનું નામ દર્શાવતી બોટલ હતી, જેમ કે વ્હીસ્કી, બ્રાંન્ડી, રમ, જીન, કબ્બ કપ, દારૂ, મીલ્ક પંચ અથવા જેવા કે શેમ્પેન, મોસેલે, વગેરેની ચીઆન્ટી, સફેદ વાઈન્સ, લેટેરલ, હોકસ, ટેઈકલીંગ, મેકેરીયા, જીંજરવાઈન, પાર્ટટાઈપ, પાર્ટ વર્માથ, શેટી, વાઈનકેઈન્સ, વાઈબ્બોન, માનોલા, વીકફાસ્ટ, ટોનીકલાઈન અથવા આથો ચડાવેલ દારૂ, વેવા કે સાલેબીચર મીલ્ક સ્ટોર, પ્રોર્ટર, સીડાર તો આરોપીઓ દારૂનો કબજો ધરાવતો હતો તેવું માની લેવામાં આવશે.

**(૧૨)** અત્રે એ ઉલ્લેખનીય છે કે, ફરીયાદપક્ષ ધ્વારા તપાસવામાં આવેલ સાહેદ પોલીસ સાહેદ છે અને તમામ રેઈડ સમયે હાજર હતાં અને સાહેદોએ ફરીયાદપક્ષને અનુરૂપ પુરાવો આપેલ છે તેમજ આરોપી તર્ફે કોઈ તટસ્થ બચાવ હાલના કામે કોઈ પણ સાહેદના પુરાવા લાવેલ નથી. પરતું પ્રોહિ.એકટની આદેશાત્મક જોગવાઈને નજર સમક્ષ રાખવામાં આવે તો હાલના કામે જપ્ત કરવામાં આવેલ મુદ્દામાલ અંગે એફ.એસ.એલ. સર્ટી રજૂ થયેલ નથી તેમજ ધણા અગત્યના એવા પંચ સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતાં નથી. સદર કેસ લગત રજુ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન કરતાં આરોપી જ હાલના ગુનાના કામે સંકળાયેલ છે તેવો કોઈ સચોટ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. તે સંજોગોમાં પોલીસ સાહેદોએ ફરીયાદપક્ષના કેસને

અનુરૂપ પુરાવો આપેલ હોવા છતાં તેઓનો પુરાવો આરોપીને તકસીરવાન ઠરાવવા પુરતો જણ તો નથી. **<u>નામ. ગુજરાત હાઈકોર્ટે તેમની સમક્ષના સ્ટેટ ઓફ ગુજરાત વિ.રઈજીભાઈ ચતુરભાઈ (૧૯૬૦ જી.એલ.આર. પાના નં.૭૭)</u>** માં પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં ઠરાવેલ છે કે, સર્ચ સમયે પંચની હાજરી જરૂરી છે અને પંચ ફરીયાદપક્ષને જો સમર્થન આપતા ના હોય ત્યારે પોલીસ અધિકારીની જુબાની અને પુરાવાને કોઈ અન્ય કોરોબોરેટીવ પુરાવાનું સમર્થન ના મળે ત્યારે ફકત પોલીસ અધિકારીની જુબાની પર આધાર રાખી સજા કરી શકાય નહિં

**(૧૩)** હાલના ગુનાના કામે પોલીસ વારા કાર્યવાહી થયેલ છે, તે પરત્વે નામદાર સર્વોચ્ચ અદાલતે **<u>Bhawan Sinh V/s. State of Rajasthan; reported in A.I.R. 1976 SC 885;</u>** ના ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે કે, "If everything is done by the police officer, it would be an infirmity in the case which is bound to reflect on the credibility of the prosecution."

**(૧૪)** આ તબકકે નામદાર ગુજરાત હાઈકોર્ટનો નીચે મુજબનાં ચુકાદોઓ ધ્યાને લેવાં જરૂરી છે. **<u>નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ગુજરાત રાજ્ય વિરૂધ્ધ ભીખાભાઈ કાળીદાસપટેલ ૧૯૮૫(૨) જી.એલ.આર પાન નં.૭૪૫</u>** ના ચુકાદામાં જણાવેલ પંચનામા બાબતના સિદધાંતો ધ્યાને લેતાં જયારે પંચોની હાજરીમાં પોલીસે કામગીરી કરેલ હોવાનું જણાવેલ હોય અને પંચ સાહેદોએ જુબાનીમાં તે હકીકતોને સમર્થન આપેલ ન હોય ત્યારે આરોપીને દોષી ઠરાવી શકાય નહી. આ ઉપરાંત નામદાર ગુજરાત વડિ અદાલતનો State of Gujarat v/s Raijibhai Chaturbhai Solanki reported in 1960 GLR 77 ના ચુકાદામાં ઠરાવેલ છે કે – "Criminal Procedure Code (Act no.V of 1989) Section 103 ("Search obligatory in presence of panchas Evidence of police officer must be corroborated panchnama cannot be used for

corroboration) The real principle is that where the presence of the panchas is obligatory at the time of search the Evidence of the police officer conducting the search must ordinarily be corroborated and that if there is no such corroboration ordinarily a conviction should not rest solely on the uncorroborated testimony of the police officer who conduct the search. The real question is whether there is corroboration or not. The absence of corroboration may be due to two factors the failure of the police to keep panchas or the fact that panchas do not support the prosecution. Whatever be the reason if there is no corroboration then ordinarily conviction should not rest on the uncorroborated testimony of the police officer conducting the search in such cases." ઉપરોકત મુજબના નામદાર વડિ અદાલતના ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતને હાલના કામની રેકર્ડ આધારીત હકિકતો અને રજુ થયેલ પુરાવા સાથે સરખાવતાં આ કામે પણ પોલીસે પંચ સાહેદોની હાજરીમાં કામગીરી કરેલ હોવાનું જણાવેલ છે, પરંતુ પંચસાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારક જુબાની આપેલ નથી. જેથી તે સંજોગોમાં આરોપી પાસેથી કહેવાતો મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોવાનું રજુ પુરાવા પર થી પુરવાર થતું નથી. આમ, ઉપરોકત તમામ સંજોગોમાં ફરીયાદ પક્ષનો કેસ શંકાથી પર પુરવાર થતો નથી.

(૧૫) હાલના આ કેસની રેકર્ડ આધારીત હકિકતો અનુસાર હાલના આ કામે પંચસાહેદોના સોગંદ ઉપરના પુરાવાથી પોલીસ સાહેદની જુબાનીને લેશમાત્ર સમર્થન મળતું નથી. પોલીસ સાહેદની જુબાનીને સ્વતંત્ર સાહેદના સોગંદ ઉપર પુરાવા રજુ થઈ સમર્થન આવેલ નથી. મુદ્દામાલ હાલના આરોપીનો હોવાની હકિકત, આરોપીએ ગુનાના કામે કરેલ મદદગારી તથા આ કહેવાતો મુદ્દામાલ ભારતીય બનાવટનો વિદેશીદારૂ હોવાની હકિકત પણ પુરવાર થયેલ નથી. ફરીયાદપક્ષ પોતાનો કેસ શંકાથી પર આરોપીને આ કામે કસૂરવાન ઠરાવી શકાય તે અનુસારનો પુરાવો રજુ કરવામાં નિષ્ફળ ગયેલ હોય, રજૂ

કરેલા પુરાવાનું મૂલ્યાંકન કરતાં ફરીયાદ પક્ષના આક્ષેપોને સમર્થન મળતુ ના હોય, દસ્તાવેજી પુરાવા ઉપરથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ ના હોય, હાલના કામે ઉપસ્થિત કરવામાં આવેલ **<u>મુદ્દા નં.૦૧</u>** નો જવાબ **<u>"નકારમાં"</u>** આપી **<u>મુદ્દા નં.૦૨</u>** બાબતે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

## <u>-: આખરી હુકમ :-</u>

**(૧)** આ કામના આરોપી અશોકભાઈ ઉર્ફે અશોક મારવાડી કેસરીમલ માલી નાઓને ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૨૪૮(૧) મુજબ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એ) (ઇ), ૧૧૬ (બી), ૮૧ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** પ્રોહી. મુદ્દામાલનો અપીલ સમય બાદ કાયદા અનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૮, માહે જૂલાઈ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા. ૧૮/૦૭/૨૦૨૬<br>
સ્થળ : માંડવી, જિ. સુરત.

(મનિષ મનહરભાઈ બુધ્ધભટ્ટી)<br>
એડી. ચીફ જયુડી. મેજિસ્ટ્રેટ,<br>
માંડવી, જિ.સુરત<br>
(જીજે૦૦૮૫૫ )